# ડીસા બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપની ભુંડી હાર

## ડીસાના મતદારોએ વડાપ્રધાનને ડીસા બેઠક ભેટ આપી : ગોવા રબારીનો વિજય


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠાભરી બેઠક ગણાતી ડીસા વિધાનસભા બેઠકની યોજાયેલી પેટા ચૂંટણીમાં ભાજપની ભુંડી હાર થઈ છે. પીઢ કોંગ્રેસી એવા ગોવાભાઈ રબારીએ ભાજપના લેબજી ઠાકોરને ૧૦ હજારથી વધુની લીડે પરાજીત કરી અપસેટ સર્જ્યો છે. ભાજપ કાર્યકરોમાં નિરાશા ફેલાઈ છે ત્યારે કોંગ્રેસ કાર્યકરોએ આ જીત ફટાકડા ફોડી વધાવી લીધી હતી.

આજે પાલનપુર ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતગણતરી યોજાઈ હતી ત્યારે પરિણામોને લઈને ડીસા સહિત બનાસકાંઠામાં ભારે સસ્પેન્શ હતુ અને લોકો જાતે જ પોલીટીકલ વિષ્લેષકો બની મતદારોનો કઈ તરફ ઝોક છે તેમજ આ ચૂંટણીના મુખ્ય હરિફ ઉમેદવારોની જીત-પરાજિત નક્કી કરતા ચોરે ચોરે જોવા મળ્યા હતા. જો કે શરૂઆતથી જ આ બેઠક અપસેટ સર્જશે તેવું મનાઈ રહ્યું છે. કેમકે ભાજપે જૂથબંધી અને જાતીવાદી ગ્રુપીંગમાં ઈતર સમાજની પુનઃ ત્રીજીવાર બાદબાકી કરી નવા નિશાળીયા એવા ભાજપના લેબજી ઠાકોરને ટીકીટ ફાળવતા ડીસા ભાજપ આગેવાનો સહિત ટીકીટ દાવેદારો સ્તબ્ધ બન્યા હતા અને આ ગુસ્સો અને આક્રોસ તેજ ઉમેદવાર તરફનો અણગમો કોંગ્રેસ ઉમેદવાર તરફી મતદાન કરી ઉતાર્યો હતો જેના પરિણામે આ તમામ બાબતોનો સીધો ફાયદો કોંગ્રેસના ગોવાભાઈ રબારીને થતા તેમની આ જંગમાં ૧૦,૩૯૪ જેટલા મતોથી જીત થઈ હતી. જો કે આ જીત મામલે પરાજીત થયેલા ઉમેદવારે નૈતિક જવાબદારી સ્વીકારી હતી અને લોકોનો ચૂકાદો માન્ય રાખ્યો હતો.



### થરાદ પાણી પુરવઠા બોર્ડના બે ઈજનેરો ૪૧ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયા

પાલનપુર, તા. ૧૬

થરાદના પાણી પુરવઠા બોર્ડના બે ઈજનેરો બિલ પાસ કરાવવા લાંચ માંગતા લાંચની ૪૧ હજારની રકમ સાથે પાલનપુર એ.સી.બી.ની ટીમે લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આ ઘટનાને પગલે જિલ્લાભરમાં ખળભળાટ મચી ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લાના થરાદ ખાતે ગુજરાત રાજ્ય પાણી પુરવઠા બોર્ડ હસ્તકની કચેરી આવેલી છે. જ્યાં સરકારી કામગીરીના કામકાજ માટે થરાદના કોન્ટ્રાક્ટર થાનાજી દૂધાજી રાજપૂતને કોન્ટ્રાક્ટ અપાયો હતો. કોન્ટ્રાક્ટરે કામ પૂર્ણ કરી કામના બિલ મૂક્યા હતા. જેમાંથી થોડા બિલ પાસ થયા હતા અને થોડા બિલ બાકી રહેતા સરકારી અધિકારીઓ કોન્ટ્રાક્ટરને કચેરીના ધક્કા ખવડાવી રહ્યા હતા અને બાકી બિલના નાણાં માટે બિલ પાસ કરાવવા કચેરીના બે ઈજનેરો કે.વી.એન. શર્મા અને મિતેશ દેશમુખે ૪૧,૦૦૦ ની લાંચ માંગી હતી. ઈજનેરોની માંગથી કંટાળીને છેવટે કોન્ટ્રાક્ટરે પાલનપુર એસીબી કચેરીમાં જાણ કરતા પી.એસ.આઈ. સી.કે. પટેલે છટકુ ગોઠવ્યું હતુ અને થરાદ-વાવ હાઈવે પર સર્કિટહાઉસમાં લાંચના નાણા સ્વીકારતા બન્ને અધિકારીને રૂ. ૪૧,૦૦૦ ની લાંચની રકમ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા.

### કાંકરેજના રણાવાડા ખાતે પશુવંધ્યત્વ નિવારણ શિબિર યોજાઈ

કાંકરેજ, તા. ૧૬

કાંકરેજના રણાવાડા(જા) ખાતે પાલનપુરની બનાસડેરી દ્વારા પશુ વંધ્યત્વ નિવારણ શિબિર યોજાઈ હતી. જેમાં અંદાજીત ૭૦જેટલા પશુઓની સારવાર કરવામાં આવી હતી. શિબિરમાં પશુપાલકોને પશુ દિઠ ૨ નંગ બોરી દાણનું વિતરણ કરવામાં આવ્યું. ઉપરાંત પશુ ડૉક્ટરે પશુપાલકોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. શિબિરમાં ડૉ. ગાવસ્કર, ડૉ. ખુમાનભાઈ પટેલ, ડૉ. મહેશ જોષી, ગૌતમ રાવલ અને ડે. સરપંચ વશરામભાઈ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## મોડાસા શહેરને અમદાવાદ સાથે જોડતો ધોરીમાર્ગ નં. ૫ બિસ્માર હાલતમાં

### રોડ પર ચાલતા વાહનો નુકશાન તથા પલટી મારી જવાનો ભય

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરનો રાજય ધોરીમાર્ગ નંબર ૫ એટલો બધો બિસ્માર હાલતમાં છે કે આ રોડ ઉપર આવતા સાધનો કયારે પલટી મારી જાય તેની ખબર નહી. જયારે આ રોડ ઉપર ચાલતા સાધનોના સ્પેરપાર્ટ અલગ થઈ જાય, પાટા તુટી જવાના અનેક બનાવો સામે આવ્યા છે. આ રોડ ઉપર પડેલ ચારચાર ફુટના ખાડાઓ પડયા છે છતાં પણ તંત્ર જાણી જોઈને આંખ આડા કાન કરવામાં આવી રહયા છે.

મોડાસા માલપુર રોડ અને શામળાજી રોડ ઉપર આવેલ ચોકડી સહયોગ બાયપાસ રોડ જે લોકો ટોલ રોડ તારીકે ઓળખવામાં આવે છે. આ રોડ વારંવાર તુટી જાય છે છતાં પણ આ રોડને હજુ સુધી રીપેર કરવામાં આવ્યો નથી ત્યારે આ રોડથી કંટાળીને લોકો દ્વારા સરકારને વિનંતી કરવામાં આવે છે કે એવો રોડ બનાવવો કે જે પાંચ વર્ષ સુધી ચાલે જયારે બીજી બાજુ મોડાસા શહેરમાં ભારી વાહનો પ્રવેશવા પર પ્રતીબંધ ફરમાવામાં આવ્યો છે તો આ તુટી ગયેલા રોડ ઉપરથી જ ભારે વાહનોને પસાર થવુ પડે તેમ છે. જયારે સ્થાનીક રહીશો દ્વારા જણાવવામાં આવે છે કે આ રોડ પાછળ સરકાર લાખો રૂપીયા ખર્ચીને બનાવે છે ત્યારે રીઝલ્ટના નામે શુન્ય છે. કેમ કે આ રોડ વાર તુટી જાય છે.

તો સ્થાનીકોના મનમાં બીજો એક પ્રશ્ન એ પણ ઉભો થાય છે કે


(તસવીર : સમીર બલોચ, જય અમીન, મોડાસા)

જે રોડ ઉપર આગામી ચોમાસુ હજુ સુધી પુરૂ થયુ નથી ત્યાં તો રોડ ઉપર ચાર ચાર ફુટના ખાડા પડી ગયેલ છે. આ રોડ ઉપરથી સાધન પસાર કરવા માટે મીનીમમ સ્પીડ ૫ થી ૧૦ની સ્પીડે જ પસાર કરવુ પડે છે. નહી તો ફોર વ્હીલર તેમજ સીકસ વ્હીલરના સ્પેર પાર્ટના ભુકકા ઉડી જાય તેમ અહી આગળ ટોલ નાકુ આવે છે, તો શુ આ રોડ ટોલવાળા બનાવતા હશે કે ગર્વમેન્ટ અધિકારીઓ, જે પણ બનાવે પરંતુ પ્રજાને મતે આ તાગડધીન્ના બંધ કરીને આ રોડને પ્રજાની અનામત સમજી સત્વરે રીપેર કરાવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.



### ખેડબ્રહ્મામાં રાજય કક્ષાની જમ્પ રોપ સ્પર્ધાનો પ્રારંભ

ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કુલમાં ગુજરાત રાજય કક્ષાની અન્ડર-૧૪ ભાઈઓ તથા અન્ડર-૧૯ ભાઈ-બહેનોની જમ્પ રોપ રમત સ્પર્ધાનો મંગળવારે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં ૨૫ જિલ્લાના ૩૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો છે આ રમત સ્પર્ધા બે દિવસ ચાલશે અને વ્યકિતગત અને ટીમ બંને રીતેની સ્પર્ધા રમાશે. આ પ્રસંગે યોજાયેલ ઉદઘાટન સમારંભમાં ડૉ. અશોકભાઈ રાવલ-પ્રાંત અધિકારી પી.એસ. પ્રજાપતિ પ્રો. કો.ઓ. રાજુભાઈ પટેલ-એ.પી.ઓ. રાજુભાઈ ગામીત તથા જે.સી. સોલંકી સહિત ખેલાડીઓ અને શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. (તસવીર : રમેશ વૈષ્ણવ)

### પાલનપુરના ગોકુળપુરામાં તસ્કરોનો તરખાટ એક સાથે પાંચ મકાનના તાળા તુટ્યા



પાલનપુર, તા. ૧૬

પાલનપુરના ગોકળપુરામાં તસ્કરો ભારે તરખાટ મચાવી એક સાથે પાંચ મકાનના તાળા તોડી લાખોની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુર શહેરમાં આવેલ આમ્રપાલી અને રાધે બંગલોમાં ગતરોજ થયેલ ૭૫ હજારની ઘરફોડ ચોરીની સાહી શુકાઈ નથી ત્યાં તો પાલનપુર તાલુકાના સાંગ્રા રોડ પર આવેલ ગોકુલપુરામાં તસ્કરોએ ત્રાટકી એક સાથે પાંચ મકાનના તાળા તોડ્યા હતા. જેમાં એક બંધ મકાનમાંથી ૧.૫૫ લાખના સોના-ચાંદીના દાગીના સહિતનો મુદ્દામાલ લઈ તસ્કરો ફરાર થઈ ગયા હતા. આ ઘટના અંગે સ્થાનિક પોલીસને જાણ કરાતા પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

### સમણવા ગામે મસ્જીદ અને કબ્રસ્તાન તોડી પડાતા આવેદનપત્ર અપાયું

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના સમણવા ગામે ગતરોજ ગામના કેટલાક અસામાજીક તત્વોએ મસ્જિદ અને કબ્રસ્તાનને તોડી પાડ્યાની રાવ સાથે અત્રેના મુસ્લીમ બલોચ સમાજના મહિલાઓ સહિત પુરૂષોએ જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર સુપ્રત કરી ગુનેગારોની તાકીદે ધરપકડ કરવા માંગણી કરી હતી. આજરોજ સમણવા ગામના મુસ્લિમ બલોચ સમાજના આગેવાનો પાલનપુર આવી કલેક્ટર અને પોલીસ વડાને રૂબરૂ મળ્યા હતા અને સમણવા ગામે જૂની મસ્જિદ અને કબ્રસ્તાનને તોડી પાડવાની અસામાજિક પ્રવૃત્તિઓ અંગેની રજૂઆત કરતું આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં ધાર્મિક સ્થળને તોડી પાડનાર ગુનેગારો તેમજ ગુનેગારોને મદદ કરનાર સરકારી અધિકારીઓ વિરૂદ્ધ તાકીદે કાર્યવાહી કરી તેમની ધરપકડ કરવામાં આવે તેવી માંગ કરી છે.

### સંતશ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલય ખેડબ્રહ્માનું ગૌરવ

ખેડબ્રહ્મા, તા. ૧૬

તાજેતરમાં સ્પોર્ટસ સંકુલ હિંમતનગર ખાતે જિલ્લાકક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધા યોજાયેલ. સંતશ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સિનીયર જુનીયર ભાઈ-બહેનોની સ્પર્ધામાં ઉચ્ચ દેખાવ કરેલ. જોં રાકેશ એસ. પ્રજાપતિ લંગડીફાળ કુદ તથા ૪-૧૦૦ રીલેમાં પ્રથમ તથા મુકેશ એચ. પારધી ૪-૧૦૦ રીલેમાં પ્રથમ આવી રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા.

પ્રથમ ક્રમે વિજેતા થવા બદલ સંસ્થાના પ્રમુખ અંબાલાલબાપા, મંત્રી જેઠાભાઈ સાહેબ તથા આચાર્ય સુરેશભાઈ પટેલે વ્યાયામ શિક્ષકશ્રી સુ.શા. પટેલ અને ડી.ડી. નિનામાને તથા રમતવીરોને અભિનંદન પાઠવ્યા હતા.

### મોડાસામાં પોતાના બાળક સાથે પેટ માટે વેઠ કરતો અપંગ વ્યક્તિ


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આજે એક અપંગ વ્યક્તિ નાનકડા બાળકને ખોળામાં લઈ પગે ઘસડાતા ઘસડાતા ભીખ માંગતો જોવા મળતાં લોકો ટોળે વળ્યા અને આતુરતાથી નિરિક્ષણ કરતા નજરે ચડ્યા હતા.

પાપી પેટ માટે અને પોતાની આજિવિકા માટે લોકો સતત પ્રયત્નશીલ હોય છે. અપંગ હોવુ એ અભિષાપ નથી, પરંતુ કેટલાક નિર્બળ મનના લોકો ભગવાને આપેલી આ તકલીફનો સામનો કરી શકતી નથી અને ઈશ્વર સામે તેમજ આ દુનિયામાં હાર માની લઈ જીવન જીવવા માટે લાચાર બની જાય છે. અને આવી લાચાર વ્યક્તિઓ પોતાનું જીવન નિર્વાહ ચલાવવા માટે ભીખ માંગવાનો સહારો લઈ લે છે. આવી જ એક વ્યક્તિ પોતે તો અપંગ અને લાચાર છે, પરંતુ અત્યારથી જ પોતાના ફૂલ જેવા માસૂમ બાળકને પણ દુનિયાની નજરમાં લાચાર બનાવી દઈ આ અપંગ વ્યક્તિ હાથની મદદથી ઘસડાઈને ભીખ માંગતો નજરે પડતો હતો અને બાળકનો સહારો લઈ તેમજ બાળકના ભરણપોષણ માટે આજીજી કરતો જોવા મળ્યો હતો.

મોડાસા શહેરના મધ્યમમાંથી અને મોડાસા શહેર ભરચક એવા ચાર રસ્તાથી બસસ્ટેન્ડ વિસ્તારમાં પસાર થતા પ્રજાજનોએ આ વ્યક્તિ અને લાચાર બાળકને જોઈને ખોબલે ખોબલે દાન આપતા જોવા મળતા હતા. કેટલીક બહેનો તો આ અપંગ વ્યક્તિની હાલત અને તેના ખોળામાં રહેલા બાળકને જોઈને નિશાશા નાખતી હતી અને ભગવાનને પ્રાર્થના કરતી જોવા મળી હતી કે ભગવાન આ દુનિયામાં આ બાળકને લાચાર બનવું ના પડે. તેમજ પોતાની મજબૂરી આ નાનકડા બાળકના માથે નાખી દેતા અને માસુમ બાળકનો હાથો બનાવી ભીખ માગતા આ માણસ ઉપર ફિટકાર વરસાવતા પણ પ્રજાજનો નજરે ચડતા હતા.

### ખીમાણા ગામે બે માસ અગાઉ થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો



ખીમાણા ગામે બે માસ અગાઉ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી ચોરાયેલ જનરેટરનો ભેદ પોલીસે ઉકેલી એક શખ્સની ધરપકડ કરી હતી. શિહોરી પાસેના ખીમાણા ગામે બે માસ અગાઉ પ્રાથમિક આરોગ્યમાંથી ૨૦,૦૦૦ ની કિંમતનું જનરેટર કેટલાક ઈસમો ચોરી કરી ગયા હતા. પોલીસે આ ચોરી અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન આજે પોલીસે બાતમીના આધારે મુડેઠામાંથી જનરેટરની ચોરી કરનાર આરોપી ભરતજી મથુરજી રાઠોડને ઝડપી પાડી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો અને વધુ તપાસ માટે પોલીસે રીમાન્ડ માંગ્યા હતા.

### શાનદાર સ્વાગત

● અનુસંધાન સાતમાનું ચાલુ

ગેરહાજરીમાં પણ અગાઉ કરતા વધારે સારી કામગીરી અદા કરી રહી છે. દેશના લોકોના હિતમાં કામ કરવાની મોદીએ પોતાની કટિબદ્ધતા દોહરાવી હતી. મોદી વિવિધ મુદ્દા ઉપર વાત કરી હતી.

પ્રજાનો પ્રેમ અને કાર્યકરોનો સાથ કામ કરવાની નવી પ્રેરણા શક્તિ આપે છે. દિલ્હીમાં સરકાર ચલાવવામાં ૧૪ વર્ષનો અનુભવ મદદરુપ થઈ રહ્યો છે. એક નાનકડા રાજ્યના મુખ્યમંત્રી આટલી જવાબદારી માથે પડે ત્યારે સામાન્ય માણસ આશ્ચર્યચકિત થઈ જાય પરંતુ તેમની ટ્રેનિંગ ખુબ સારી પરિસ્થિતિમાં થઈ છે. મોદીએ ભારતમાં અનેક ક્ષેત્રે ઉજ્જવળ તકો હોવાની વાત કરી હતી. કાર્યકરોની મહેનતથી કેન્દ્રમાં સરકાર બની છે. ભેદભાવ વિના દરેક રાજ્યનો વિકાસ કરવા તેઓએ પ્રયાસો હાથ ધર્યા છે. ચીનના પ્રમુખ અમદાવાદ આવે તે ગુજરાતનું બહુમાન છે.

સર્વજનહિતમાં કામ એક જ સરકારનો મંત્ર છે. વિકાસ મંત્ર ટીમ ઈન્ડિયા મુજબ આગળ વધવામાં આવશે. જનધન યોજનાથી લોકોને અધિકાર મળ્યો છે. રાજ્યોમાં પણ પૂર્ણ બહુમતિવાળી સરકારો બનવી જોઈએ. જુની સરકારોએ દેશના લોકોના વિકાસની ચિંતા કરી ન હતી. ગુજરાતીઓ માટે હું વડાપ્રધાન નહીં નરેન્દ્ર ભાઈ જ છું. ગુજરાતીઓ હંમેશા મારા દિલમાં છે અને રહેશે. ગુજરાતની વિકાસ યાત્રા પણ એજ ગતિએ ચાલતી રહેશે. ગુજરાત મોદી કે આનંદીબેનના ભરોસે નહીં પરંતુ જનતાના પરિશ્રમના કારણે ચાલશે.

### ભાજપમાં ચિંતા...

● અનુસંધાન સાતમાનું ચાલુ

હતી. ગુજરાત પેટાચુંટણીમાં કુલ ૪૯ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. નરેન્દ્ર મોદીની ગેરહાજરીમાં પેટાચૂંટણી યોજાઇ હતી. આ પેટાચૂંટણીમાં મતદાન પણ ખુબ ઓછુ રહ્યું હતુ.ગુજરાતમાં વડોદરા લોકસભાની એક અને વિધાનસભાની નવ બેઠકો માટે યોજાયેલી પેટાચૂંટણી કોઈ પણ અનિચ્છનીય બનાવ વગર શાંતિપૂર્ણ રીતે સમ્પન્ન થઈ હતી. જો કે મતદાન ખુબ ઓછુ રહેતા ભાજપ છાવણી પહેલાથી જ ચિંતાતુર હતી. આ તમામ બેઠકો પર સરેરાશ ૪૯.૧૯ ટકા મતદાન થયું હતુ. ચિંતાજનક બાબત એ રહી હતી કે વડોદરાની લોકસભા તથા મણીનગરની વિધાનસભાની બેઠક પર જ્યાં નરેન્દ્ર મોદીને ઐતિહાસિક લીડ મળી હતી તે બંને બેઠકો પર ખુબ ઓછું મતદાન થયું હતુ.ગુજરાતમાં કુલ ૧૦ બેઠકો માટે ૨૦૪૫ ઈમારતો કાર્યરત હતી. રાજ્યમાં પેટાચૂંટણી માટે ૩૭૬૬ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હતા. રાજ્યમાં કુલ ૭૪૩૨ ઈવીએમનો ઉપયોગ પેટાચૂંટણીને લઇને કરવામાં આવ્યો હતો. હતો. બેલેટ યુનિટનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરામાં તાજેતરમાં પુરની સ્થિતી સર્જાઇ ગઇ હતી. તાજેતરમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે ભાજપે ગુજરાતમાં જોરદાર સપાટો બોલાવી તમામ ૨૬ બેઠકો જીતી લીધી હતી. પેટાચૂંટણીના પરિણામ માત્ર ગુજરાતમાં જ નહીં બલ્કે અન્ય રાજ્યોમાં પણ ભાજપ માટે નિરાશાજનક રહ્યા હતા. મણિનગર બેઠક પર ભાજપના સુરેશ પટેલે જીત મેળવી હતી જ્યારે આણંદમાં ભાજપના રોહિત પટેલે જીત મેળવી હતી.

### વિકાસનો પાયો છે..

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું હતું કે ખંડીત જનાદેશ નહિ પણ પૂર્ણ બહુમતનો જનાદેશ જરુરી છે. મોદીએ કહ્યું કે પહેલા દેશમાં એક જ પક્ષની કેન્દ્ર અને રાજય સરકારો હતી તે વાત પણ એટલી મહત્વની છે.

ગુજરાતના બે દિવસના પ્રવાસના પ્રારંભે જ કાર્યકર્તાઓના અભિવાદનનો પ્રતિસાદ આપતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે કાર્યકર્તાઓથી જ વિકાસ શકય છે. મારાથી કે આનંદીબેનથી વિકાસ નહિ પણ કાર્યકર્તાઓની મહેનતથી વિકાસ થતો હોય છે. ગુજરાતનો અનુભવ મને દિલ્હીમાં બહુ કામ આવે છે. ગુજરાતનું નામ ગૌરવાન્વીત થાય તે રીતે કામ કરી બતાવીશું તેમણે કહ્યું હતું કે હું ગુજરાતથી ગયો પણ તમારા દિલમાં તો છું જ અને રહીશ. ગુજરાતમાં રાજય સરકાર સારી કામગીરી કરી રહી હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે આગામી દિવસોમાં આ સરકાર પણ વિકાસની ગતિ પકડશે અને વધુ સારા પરિણામો તમે જોઈ શકશો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે નાની વ્યકિતને મોટી વ્યકિત બનાવવી છે એ દિશામાં તે કામગીરી કરી રહ્યા છે. નાના માણસનો વિકાસ થતાં રાજય અને દેશનો વિકાસ થશે. 'સર્વ જન હિતાય સર્વ જન સુખાય' એ વિકાસ મંત્ર છે અને આ વિકાસ મંત્રને સાકાર કરવા ટીમ ઈન્ડિયા બનાવવામાં આવી રહી છે. આ અગાઉ અમદાવાદ વિમાની મથકે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી આવી પહોંચ્યા ત્યારે તેમનું અત્યંત ભાવપૂર્વક શાહી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી બન્યા બાદ રાજયના સત્તાવાર પ્રવાસે પ્રથમવાર આવતા વડાપ્રધાન શ્રી મોદીએ જણાવ્યું હતું કે વિદેશના લોકો પણ પૂર્ણ બહુમત ધરાવતી સરકારમાં સહયોગ માટે વધુ ઉત્કંઠા ધરાવતા હોય છે.